# ટેકાના ભાવથી કપાસ ખરીદવાના કેન્દ્રો રાજ્ય સરકારે શરૂ કરવા જોઈએ : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય સરકારે કેન્દ્રની નીતિનો અમલ કરીને ટેકાના ભાવથી કપાસ ખરીદવાના કેન્દ્રો શરૂ કરવા જોઈએ અને ખેડૂતોને રાહત આપવી જોઈએ એમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્ય સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં જ્યારથી ભાજપ સરકાર આવી છે ત્યારથી ખેડૂતો પરેશાન થઈ ગયા છે. વર્ષોથી ખેત વીજ કનેક્શન આપવાની જાહેરાત કરતી ભાજપ સરકારે સ્પ્રિન્કલર જેવા નવા નવા ત્રાગા કરીને ખેડૂતોને વીજ કનેક્શનથી વંચિત રાખ્યા છે. આજે પણ ૬ લાખ કરતાં વધારે ખેડૂતો પોતાની વાડી લીલી થાય તેવા માટે ભાજપ સરકાર પાસે વીજ કનેક્શન મેળવવાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

રાજ્ય સરકાર પર આક્ષેપ કરતા વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે પોતાના મળતિયાઓને કમાણી કરાવી આપવા માટે વહાલા દવલાની નીતિને આધારે ગ્રીન હાઉસ યોજના સબસીડી સાથે દાખલ કરીને ખેડૂતોને કહેવાતી સગવડ કરી આપી છે. હકીકતમાં સેંકડો ખેડૂતો ગ્રીન હાઉસના કારણે ચોધાર આંસુએ રડી રહ્યા છે. ગ્રીન હાઉસનો ખેડૂતોને પૂરો અનુભવ ન હોવાને કારણે તથા ખેડૂતોને સરકારનું પુરૂ માર્ગદર્શન ન મળતુ હોવાથી ખેડૂતો શું વાવવું અને શું ન વાવવું તે નક્કી કરી શકતા નથી અને વાવેલું નિષ્ફળ જાય ત્યારે ચોધાર આંસુએ રડે છે. ખેત જમીનનું વળતર આપવાની સરકારની નીતિથી પણ ખેડૂતો દુઃખી થઈ રહ્યા છે.

ગુજરાત કપાસ ખૂબ પકવે છે એવી ખોટી વાહ-વાહ કરવા ટેવાયેલી ભાજપની સરકાર કપાસ પકવતા ટેવાયેલી ભાજપની સરકાર કપાસ પકવતા ખેડૂતો માટે વાંઝણી પુરવાર થઈ છે. કપાસ પકવવાની બાબતમાં ગુજરાતની ભાજપ સરકારનું યોગદાન નહીં હોવા છતાં એમાંય કપાસની બાબતમાં ગુજરાત અગ્રેસર છે એવા બણગા મારીને અને ગુજરાત બહાર આની ખોટી જાહેરાતો કરીને રાજકીય લાભ લેવાની કુચેષ્ટા ભાજપ સરકાર કરી રહી છે એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે બટેટાનુ બિયારણ પણ મોંઘુદાટ વેચાઈ રહ્યુંછે. બિયારણ મોંઘુ હોય તો બટેટા કે જે રોજનો ખોરાક છે એ બટેટા સામાન્ય માણસને સસ્તા ક્યાંથી મળશે ? એવો સવાલ કરતાં તેમણે જણાવ્યું હતું કે સરકારે બટેટાના બિયારણમાં દખલગીરી કરીને સસ્તા બિયારણની યોજનાનો લાભ ખેડૂતોને આપવો જોઈએ જેથી બટેટા બજારમાં આવે તો ખેડૂતોને બજારમાં પોષણક્ષમ ભાવ મળી રહે અને ખરીદનાર પણ મળી રહે.



આદીવાડા ગામમાં કચરો ઉભરાય છે. અને ત્યાં જ કચરો ખાતી ગાયોને જોઈ લોકો નજર ફેરવી જતા રહે છે. સફાઈ અભિયાનના ભાગરૂપે ક્યારે સફાઈ થશે ? (તસવીર : કશ્યપ નીમાવત)



વાનરરાજાને ક્યારેક કાર પર બેસવાનું મન થાય...! (તસવીર : કશ્યપ નીમાવત)

## જાહેર સાહસોમાં ડાયરેક્ટર પદે બિનસરકારી સભ્યોની નિમણુંક મુદત ૩ વર્ષની

રાજ્ય સરકારના જાહેર સાહસોમાં અધ્યક્ષ-ઉપાધ્યક્ષ અને ડાયરેક્ટર તરીકે નિમાતા બિન સરકારી સભ્યોના હોદ્દાની મુદત તેમની નિમણુંક તારીખથી ત્રણ વર્ષ રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્ય મંત્રી નિતીન પટેલે આ નિર્ણયની વિગતો આપતા કહ્યું કે, અગાઉ જાહેર સાહસોમાં આવી નિમણુંક સમયમર્યાદા નિયત થયેલ ન હતી. પરંતુ હવે આવી નિમણુંક મુદતમાં એક સૂત્રતા જળવાય તે હેતુસર રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે અને નાણાં વિભાગે આ અંગેના આદેશો પણ જારી કર્યા છે.

# માણસાની સરસ્વતી શીશુ મંદિરનો દાન મેળવવાનો પ્રેરક અભિગમ

### ૧૧ હજારનુ દાન આપનાર દાતાઓ પૈકીના એકનું નામ ડ્રો દ્વારા નક્કી કરી તેને આ સંસ્થા સાથે જોડાશે

ગાંધીનગર, તા. ૧૪

શિક્ષણના ભેખધારીઓએ ક્યારેય પણ આ ક્ષેત્રને કોઈપણ રીતે પાછળ પડવા દીધુ નથી. શિક્ષણ માટે સહાયની ટહેલ પડે તો સમાજના આગેવાનથી લઈને નાનામાં નાનો માણસ વિદ્યાદાનના આ યજ્ઞમાં અગ્રણી બનીને ઉભો જ રહી જાય છે. શિક્ષણના ભેખધારીઓ આ વખતે પણ પાછળ નહી પડે તેવી અપેક્ષા અને આશા સાથે માણસા ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલકોએ ૧૫૦૦ દાતાઓ સામે રૂ. ૧૧,૦૦૦ ના દાનની ટહેલ નાંખી છે. વળી આ ૧૫૦૦ દાતાઓના નામનો ડ્રો કરી જે દાતાનું નામ ડ્રો માં ખુલશે તેના નામને આ શિક્ષણ સંસ્થા સાથે જોડી દેવામાં આવશે.

શિક્ષણ થકી સમાજના વિકાસમાં હવે ઘણા બધા જોતરાઈ રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષણના યજ્ઞમાં જોડાયેલા માણસાના મારૂતિ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી સરસ્વતી શિશુ મંદિરનો પ્રારંભ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના નવા મકાન માટે દાતાઓ પાસે ટહેલ નાંખવામાં આવી છે. ૧૫૦૦ જેટલા દાતાઓ પાસેથી રૂ. ૧૧,૦૦૦ નું દાન ઉઘરાવી શ્રી સરસ્વતી શિશુ મંદિરનો પ્રારંભ કરવામાં આવશે. રૂ. ૧૧,૦૦૦ નું વિદ્યાદાન આપી અમર થવાનો અમૂલ્ય અવસર દાતાઓને આપવામાં આવી રહ્યો છે. વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૧૫૦૦ દાતાશ્રીઓનો ડ્રો કરીને ભાગ્યશાળી દાતાનું નામ સ્કૂલના નામકરણ સાથે જોડવાની નવતર પહેલ કરવામાં આવી છે. બાકીના દાતાઓનું નામ દાનની તકતીમાં લખવામાં આવશે. આ યોજનાનો પ્રારંભ તા. ૧૭મી ઓક્ટોબરે રાત્રે ૮ વાગે હાસ્ય સમ્રાટ સાંઈરામના હાસ્ય દરબારથી થશે. જ્યારે યોજનાનો ડ્રો તા. ૨૯-૩-૨૦૧૫ના રોજ શ્રીમતી હીરાબાઈ વિઠ્ઠલદાસ શાહ છાત્રાલય પટાંગણ કોલેજ કેમ્પસ, ઈટાદરા રોડ, માણસા ખાતે યોજાશે. આ યોજનામાં જોડાઈ વિદ્યાદાનનું પુણ્ય મેળવવા અપીલ કરવામાં આવી છે.

# સ્ટાફ સીલેક્શનની પરીક્ષા ૧૧ નવેમ્બરે લેવાનો નિર્ણય કરાયો

### સ્ટાફ સીલેક્શન કમિશન દ્વારા વહીવટી વિભાગમાં ખાલી વિવિધ વર્ગ-૩, ૪ની જગ્યા ભરવા માટેની પરીક્ષા લેવાશે

અમદાવાદ, તા.૧૪

રાજ્યની લાંબા ગાળા બાદ જીપીએસસીની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ હવે રાજ્ય સરકાર દ્વારા સ્ટાફ સીલેક્શનની પરીક્ષા યોજવા માટેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ સ્ટાફ સીલેક્શનની પરીક્ષા આગામી ૧૧મી નવેમ્બરના રોજ લેવામાં આવનારી છે જેમાં રાજ્યભરમાંથી બે લાખ કરતાં વધુ ઉમેદવારો પરીક્ષા આપશે.

સ્ટાફ સીલેક્શન કમિશન દ્વારા રાજ્યનાં વહીવટી વિભાગમાં ખાલી જુદી જુદી વર્ગ-૩ અને ૪ની જગ્યાઓ ભરવા માટેની પરીક્ષાનું આયોજન ૧૧મી નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. આ પરીક્ષા માટેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે દરેક સેન્ટરો પર ૧૦થી ૧૫ શાળાઓમાં સ્ટાફ સીલેક્શન માટેની પરીક્ષાની બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવી છે. પરીક્ષા સેન્ટર ઉપર ઉમેદવારોને કોઈ મુશ્કેલી ન પડે તે મુજબ બેઠક વ્યવસ્થા અને સેન્ટરની ફાળવણી કરવામાં આવી છે દરેક ઉમેદવાર પોતાના પરીક્ષા સેન્ટર અંગેની માહિતી સ્ટાફ સિલેક્શન કમિશનની વેબસાઈટ ઉપર જોઈ શકે છે. આ ઉપરાંત પરીક્ષા માટે કોલ લેટરની ફાળવણી પણ શરૂ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે લાંબા સમયથી રાજ્યના વહીવટી વિભાગમાં ખાલી પડેલ બેઠકો અંગે અનેક વખત રજુઆત બાદ હવે તેને ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત તાજેતરમાં કલાસ-૧ અને ૨ના અધિકારીઓની ભરતી માટે જીપીએસસીની પ્રીલીમરી પરીક્ષા યોજાઈ હતી ત્યારે હવે આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ હવે વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની ભરતી માટે સ્ટાફ સીલેક્શનની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.



રોશનીનું પર્વ દિવાળીનો તહેવાર ખૂબ જ નજીક આવી રહ્યો છે. બજારમાં ફટાકડા, રંગોળીના રંગો, દીવડાઓનું વેચાણ શરૂ થઈ ગયું છે. (તસવીર : કશ્યપ નીમાવત)

## શબ્દાવલી - ૫૫૩૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | | ૪ |
| | ■ | ૫ | ૬ | | ■ | ■ | |
| ૭ | ૮ | | | ■ | ૯ | ૧૦ | |
| ■ | ૧૧ | | ■ | ૧૨ | | | |
| ૧૩ | ■ | ૧૪ | | ■ | ■ | | ■ |
| | ■ | | ■ | ■ | ૧૫ | ■ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | | ૨૦ | |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |

**આડી ચાવી**

૧. મહાભારતમાં આવતાં કૈયા અને કૌરવ સિવાયના ૧૦૦ ભાઇઓ (૩)
૩. બારેમાસ જેના પર ફુલ આવે તે છોડ (૪)
૫. ચોર, લુંટારા (૩)
૭. 'ડચ' જેવો કરાતો અવાજ(૪)
૯. પગના તળીયે કણી જેવું થાય તે (૩)
૧૧. 'બાણ' શબ્દ ઊંધો (૨)
૧૨. એક મોટું જતું, ખેખડો(૪)
૧૪. ગોયણા, લોટના ગોળા(૨)
૧૭. સાધના (૨)
૧૯. એક પછી એક ક્રમ પ્રમાણે (૪)
૨૧. ગંદકીથી મચ્છરો અને જંતુઓ થાય અને તેમાંથી... ફાટી નીકળે (૪)
૨૨. ગાંધી બાપુને જુવાન... નું બિરૂદ મળેલ (૩)

**ઊભી ચાવી**

૧. કાદવ (૩)
૨. હંમેશા ખીસ્સા ખાલી હોય તેવું (૬)
૩. દારૂની દુકાન (૨)
૪. પ્રણાલી, રીત (૪)
૬. ૮૪ લાખનો... બધાએ ફરવો પડે (૨)
૮. ચકલીને... હાથીને મણ, કીડી ને કણ મળી જ રહે છે(૨)
૯. વેરો, ટેક્ષ (૨)
૧૦. હજમ (૩)
૧૩. કબુતર વગેરે પક્ષીઓને ચણવાની જગ્યા બનાવે તે (૪)
૧૫. સાપનું ઘર (૩)
૧૬. ખંતીથી કામ કરનારો (૩)
૧૮. ચાલવાનું કામ કરનાર શરીરનું અંગ (૨)
૧૯. પગમાંથી તાર નીકળવાનો એક રોગ (૨)
૨૦. પ્રવાહી (૨)

**શબ્દાવલી ૫૫૩૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) શિલાલેખ (૪) રાખડી (૭) જીરાફ (૯) ડીલ (૧૦) મબલક (૧૩) કલહ (૧૫) શહાદત (૧૭) રવ (૧૮) યમ (૧૯) પવન (૨૧) પર્વ (૨૩) ખાદીમ (૨૪) તરખાટ

**ઊભી ચાવી :-** (૧) શિયળ (૨) લેજીમ (૩) ખરાબ (૫) ખડી (૬) ડીલર (૮) ફલક (૧૧) કલરવ (૧૨) સહાય (૧૪) હવન (૧૬) દમ (૧૯) પર્વત (૨૦) શિખા (૨૨) ચાટ

# રાજકોટ પેટા ચૂંટણીમાં આજે મતદાન : રવિવારે પરિણામ

### ભાજપના વિજય રૂપાણી, કોંગ્રેસના જયંતિભાઈ કાલરીયા વચ્ચે સ્પર્ધા : ભાજપ ગઢ જાળવશે કે કેમ તે મામલે ચર્ચા

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની રાજકોટ પશ્ચિમ બેઠકની પેટાચૂંટણીમાં આવતીકાલે મતદાન થશે. પરંપરાગત રીતે ભાજપનો ગઢ ગણાતી આ બેઠક પર ભાજપ વધુ એક વખત પોતાનું વર્ચસ્વ જાળવી રાખે છે કે કોંગ્રેસ તેમાં ગાબડું પાડે છે ? તેનો જવાબ રવિવારે પરિણામના દિવસે મળી જશે. પેટાચૂંટણીમાં આવતીકાલે મતદાન અને રવિવારે મત ગણથરી રાખવામાં આવી છે તે મુજબ કાલે મતદારો ચુકાદો આપી દેશે પરંતુ તેની સત્તાવાર જાહેરાત રવિવારે બપોર સુધીમાં થઈ જશે. આજે સવારે ડિસ્પેચીંગ સેન્ટરોથી સ્ટાફ અને ઈવીએમ જે તે મતદાન મથકોએ સવારે જ રવાના કરી દેવાયા હતા. ૧,૪૮,૬૮૭ પુરૂષ અને ૧,૪૨,૧૭૯ મહિલા મતદારો મળી કુલ ૨,૯૧,૮૬૬ મતદારો ધરાવતા રાજકોટ પીમ બેઠકમાં કાલે ૨૬૫ મતદાન મથકો પર સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન ચાલુ રહેશે. ચૂંટણીના દિવસે કાલે રજા જાહેર કરવામાં આવી છે. આજે સાંજથી પોલીસ અને કલેક્ટર તંત્રએ તમામ મતદાન મથકોનો કબજો સંભાળી લીધો છે. આવતીકાલે સવારે પાંચ વાગ્યે ચૂંટણીનો સ્ટાફ મતદાન મથક પર પહોંચી જશે. તમામ મતદાન મથકો પર એક એક માઈક્રો ઓબ્ઝર્વર મુકવામાં આવશે. આ ઉપરાંત સંવેદનશીલ અને અતિસંવેદનશીલ ગણાતા મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ કરવામાં આવશે. ગત ચૂંટણીમાં ૨૭ મતદાન મથકોમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા હતા. આ વખતે તે સંખ્યા વધીને ૫૦થી ઉપર થઈ ગઈ છે. ૮૮ બીલ્ડીંગોમાં મતદાન કેન્દ્રો નક્કી કરાયા છે. ૨૬૫ ઈવીએમ તથા ૧૦ ટકા એકસ્ટ્રા મળી કુલ ૨૯૧ ઈવીએમનો કાલે ચૂંટણીમાં ઉપયોગ કરાશે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે ૭૧૦ પોલીસોને બંદોબસ્તમાં મુકવામાં આવ્યા છે.

## સ્વચ્છતા મિશનની સમીક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વચ્છતા મિશનના અસરકારક અમલીકરણ માટે જિલ્લાકક્ષાએ અધિકારીઓની એક ટીમ બનાવવામાં આવશે જે સમયાંતરે આ મિશનની કામગીરીની સમીક્ષા કરશે તેમ જાણવા મળેલ છે. દિપાવલીના પર્વો પૂર્વે જિલ્લાતંત્ર દ્વારા હવે સફાઈ અભિયાનને લઈ જનજાગૃતિ અભિયાન છેડવામાં આવે તેવી શક્યતાના સંકેતો પણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ રહ્યા છે.

## ડેબિટ કાર્ડ સેવાનું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આધુનિક બેંકિંગ સેવાઓનો લાભ મેળવશે તેવું જણાવ્યું હતું. બાબુભાઈ બોખીરીયાએ રાજ્યના ત્રિસ્તરીય સહકારી ધિરાણ માળખામાં જીએમસીબી એપેક્ષ બેંક તરીકે યશસ્વી કામગીરી કરી રહેલ છે તેની માહિતી આપી હતી. જ્યારે શંકરભાઈ ચૌધરીએ સહકારી બેંકોને સેવા વિતરણ કેન્દ્રો ઉભા કરી ગ્રાહકોને વિસ્તૃત બેંકીંગ સેવાઓ પુરી પાડવા આહ્વાન કર્યું હતું.

જીએસસીબીના ચેરમેન અજયભાઈ પટેલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહની રાજકિય સફળતાને અભિનંદિત કરતા તેમની પાક વિમા યોજનામાં પણ સક્રીય નીતિથી ખેડૂતોને પાક વિમાનો લાભ અપાવવા બદલ આભાર માન્યો હતો. તેમણે જીએસસીબી દ્વારા ૧૩૧૦ શાખાઓમાં સીબીએસ હેઠળ આરટીજીએસ, એનઈએફટી, સીટીએસ અને એસએમએસ એલર્ટ સેવાઓ ચાલુ કરાયાની તેમજ ટુંક સમયમાં જ ઈન્ટરનેટ બેંકીંગ અને મોબાઈલ બેંકીંગ સાથે એસએમએસ બેંકીંગ શરૂ થવાની માહિતી આપી હતી.

# ૧૩ એન્કાઉન્ટરના પેપર લિગલ ટીમને સુપ્રત થયા

અમદાવાદ, તા. ૧૪

વર્ષ ૨૦૦૨થી ૨૦૦૬ વચ્ચેના ગાળામાં ગુજરાતમાં થયેલા ૧૭ એન્કાઉન્ટરના મામલામાં તપાસ કરનાર સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ૧૩ કેસોમાં તપાસ પૂર્ણ કરી લીધી છે. પાટનગર ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં ૧૩ એન્કાઉન્ટરો સાથે સંબંધિત કેસ પેપરો એસટીએફની કાયદાકીય સમિતિને ચકાસણી માટે સોંપી દેવામાં આવ્યા છે. એસટીએફ દ્વારા લિગલ પેનલને પેપરો સોંપી દેવામાં આવ્યા બાદ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પૂર્વ જસ્ટિસ એચએસ બેદી ૧૬મી ઓક્ટોબરના દિવસે ગુજરાત પહોંચી રહ્યા છે. વધુ કાર્યવાહી અંગે ત્યારબાદ નિર્ણય કરવામાં આવશે. એસટીએફના સભ્યો અને લિગલ કમિટિના સભ્યો સાથે જસ્ટિસ બેદી વાતચીત કરશે અને ભાવિ પગલા અંગે નિર્ણય લેવામાં આવશે. એસટીએફના અધિકારીઓનું કહેવું છે કે, લિગલ કમિટિ એસટીએફના ચેરમેન પૂર્વ જસ્ટિસ એચએસ બેદીને કેસો અંગે તેમના અભિપ્રાય આપશે. ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સમીરખાન પઠાણ એન્કાઉન્ટર કેસમાં હજુ પણ કામ ચાલી રહ્યું છે જ્યારે કાશીમ જાફર હુસૈન કસ્ટોડિયલ મોત કેસમાં પણ તપાસ ચાલી રહી છે. સમીરખાન પઠાણ ઓક્ટોબર ૨૦૦૨માં અમદાવાદમાં ઉસ્માનપુરા ખાતે અથડામણમાં ઠાર થયો હતો. આજ વર્ષે કાશીમ કેસ પણ બન્યો હતો. કાશીમના પત્નિ અને બાળકો સહિત ચાર એન્કાઉન્ટરોના ભોગ બનેલાઓના સગાસંબંધીઓને વળતરની રકમ ચુકવવામાં આવી ચુકી છે. એસટીએફની રચના નિવૃત્ત સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ એચએસ બેદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. સુપ્રીમના આદેશ બાદ આ મામલામાં તપાસ કરાઈ હતી. બોલીવુડના પટકથાકાર અને ગીતકાર જાવેદ અખ્તર અને અન્યો દ્વારા અરજી કરવામાં આવ્યા બાદ એસટીએફની રચના કરાઈ હતી.

## અરવલ્લી મોડાસાના પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરીક બદલી કરાઈ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી-મોડાસા જિલ્લામાં જાહેર હિતમાં પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી કરવામાં આવી છે.

જેમાં (૧) આર. ટી. ઉદાવત (પો.સ.ઈ.) મેઘરજ પોલીસ સ્ટેશનની બદલી ભિલોડા પોલીસ સ્ટેશન (૨) પી. એસ. પરમાર (પો.સઈ.) ભિલોડા પોલીસ સ્ટેશન, ઈન્ચાર્જ એલ.આઈ.બી. શાખા ચાર્જ જિલ્લા ટ્રાફિક શાખા (૩) એચ. પી. ઝાલા (પ્રો. પો.સ.ઈ.) બાયડ પોલીસ સ્ટેશનની રીડર શાખા પોલીસ અધિક્ષકની કચેરી અરવલ્લી-મોડાસા (૪) વી. એલ. પટેલ (પો.સ.ઈ.) લીવ રીઝર્વ પો.સ.ઈ.ની બાયડ પોલીસ સ્ટેશન તેમજ (૫) આર. ડી. સગર (પ્રો.પો.સ.ઈ.) લીવ રીઝર્વ પો.સ.ઈ. મેઘરજ પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી છે.

## ભાજપનો દબદબો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસની પ્રતિબધ્ધતાને ગુજરાતની પ્રજાનો હંમેશા સાથ રહ્યો છે, જે છેલ્લા વર્ષોમાં યોજાયેલી ચૂંટણીના પરિણામોએ સાબીત કરેલ છે. ભાજપના કાર્યકર્તાઓની મહેનત,

*(અનુસંધાન નીચેના પાને)*

પ્રદેશ આગેવાનોનું માર્ગદર્શન અને રાજ્ય સરાકરની સિદ્ધિઓ આ પરિણામમાં પ્રતિબિંબિત થાય છે. જાડેજાએ આજના પરિણામોની વિગતો આપતા જણાવ્યું હતું કે, કોંગ્રેસને પ્રજાએ કાયમી જાકારો આપી દીધો છે. આજના પરિણામોમાં પણ તે સ્પષ્ટ દેખાઈ આવે છે. કોંગ્રેસના કડી નગરપાલિકાના ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થઈ છે. અબડાસા વિધાનસભામાં માત્ર ૭૦૦ મતથી ધારાસભ્ય બનેલા શક્તિસિંહ ગોહિલના મતવિસ્તારની નેત્રા જીલ્લા પંચાયતની બેઠક પર ભાજપનો ૧૦૦૦ મતે વિજય થયો છે. જુનાગઢ જિલ્લાના માંરગોળ તાલુકા પંચાયતની મીતી બેઠક અને અમદાવાદ જીલ્લાની શાહપુર બેઠક જે કોંગ્રેસ પાસે બે દાયકાથી હતી તે ભાજપે કબજે કરી છે. બનાસકાંઠા જીલ્લાની ધાનેરા તાલુકા પંચાયતની ધરણોધર બેઠક ભાજપે ગુજરાતની રચના કરી પહેલી વખત મેળવી છે.

## મતદારયાદી સુધારણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદારયાદી સુધારણા ઝુંબેશ બાદ ફોટો ઓળખકાર્ડ તૈયાર કરી તેનું વિતરણ કરવામાં આવશે. ૨૦૧૪ માં યોજાયેલ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ બાદ પંચ દ્વારા પહેલીવાર મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

આ ઝુંબેશને લઈ બુથલેવલ ઓફિસર્સને ખાસ તાલિમ પણ આપવામાં આવેલ છે. આ ઝુંબેશમાં યુવા અને મહિલા મતદારોની વધુમાં વધુ નોંધણી થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

ચૂંટણી પંચ દ્વારા આ ઝુંબેશને અંતે સુધારેલી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ૨૦૧૨ પછી જિલ્લામાં ૬૦ હજારથી વધુ નવા મતદારો નોંધાયા છે. જો કે યુવા મતદારોની નોંધણી હોવી જોઈએ. તેના પ્રમાણમાં થોડીક ઓછી હોવાનું જણાયુ છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં હાલ નોંધાયેલ મતદારોની સંખ્યા ૧૦,૭૪,૧૧૪ છે. ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાના પાંચ મત વિસ્તારો આવેલા છે. ૧૧૬૧ જેટલા બુથ આવેલા છે. જિલ્લામાં નોંધાયેલા મતદારો પૈકી ૫૦ ટકા જેટલા યુવા મતદારો છે.